પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૫૧ | ૪ માર્ચ, ૨૦૧૮, રવિવાર ; ફાગણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ભારતીય સેના આક્રમક મૂડમાં

પાકિસ્તાનના સીઝફાયર વાયોલેશનનો ભારત જડબાતોડ જવાબ આપી રહ્યું છે. છેલ્લા ૪૮ કલાકમાં લાઈન ઓફ કન્ટ્રોલ પર ભારતીય સેના જવાબી કાર્યવાહીમાં ૪ પાકિસ્તાની સૈનિકોને ઠાર મારી ચૂકી છે. જોકે, ભારે ફાયરિંગમાં બે ભારતીય જવાન અને બે સામાન્ય નાગરીક પણ ઘાયલ થયા છે.

### ગૌરી લંકેશ હત્યા કેસમાં પહેલી ધરપકડ

પત્રકાર અને સમાજસેજક ગૌરી લંકેશ હત્યા કેસમાં પહેલી ધરપકડ થઈ છે. હત્યાના પાંચ મહિના બાદ એસઆઈટીએ આ કેસમાં પહેલી ધરપકડ કરી છે. હિંદુ યુવા સેનાના નવીનકુમારની ધરપકડ કરવામાં આવે છે.

### મોદી-ચોક્સીની સામે બિનજામીનપાત્ર વોરંટ

પંજાબ નેશનલ બેંક પાસેથી સાડા તેર હજાર કરોડ રૂપિયાની લોન ચુકવ્યા વગર વિદેશ ફરાર થઈ ગયેલા હિરા કારોબારી અને ગીતાંજલિ જ્વેલર્સના માલિક નિરવ મોદીની સામે મુંબઈની એક ખાસ અદાલતે બીનજામીનપાત્ર વોરંટ જારી કરી દીધા છે.

### અમેરિકામાં મિશિગન યુનિવર્સિટીમાં ફાયરિંગ

અમેરિકાના મિશિગન રાજયાના માઉન્ટ પ્લીસેંટમાં આવેલી સેન્ટ્રલ મિશિગન યુનિવર્સિટીમાં ફાયરિંગની ઘટના બની છે, જેમાં ૨ લોકોના મોત થયા છે. જયારે આરોપી બિલ્ડીંગમાં જ છે, પોલીસ દ્વારા બિલ્ડીંગને ઘેરી લેવામાં આવી છે.

# પૂર્વોત્તર રાજ્યોમાં કેસરીયો લહેરાયો

## નાગાલેન્ડ અને ત્રિપુરા ભાજપની ભવ્ય જીત : નાગાલેન્ડમાં ભાજપે ૩૧ બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો : ત્રિપુરામાં છેલ્લા ૨૫ વર્ષથી ચાલતા ડાબેરીઓના શાસનનો અંત : સીપીએમને માત્ર ૧૬ સીટો : મેઘાલયમાં ભાજપ, કોંગ્રેસ અને એનપીપીની વચ્ચે ટક્કર

નવીદિલ્હી,તા. ૩

પૂર્વોત્તરના ત્રણ રાજ્યો ત્રિપુરા, મેઘાલય અને નાગાલેન્ડમાં ભાજપે શાનદાર દેખાવ કરીને સાબિતી આપી હતી છે કે હવે આ પાર્ટી કોઈ હિન્દુ પટ્ટાની પાર્ટી રહી નથી. દેશભરમાં આ પાર્ટીને હવે લોકો સ્વીકારી રહ્યા છે. મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપુરાની પ્રજાએ ગુડ ગવર્નન્સ એજન્ડા અને એક્ટ ઈસ્ટ પોલિસીનું સમર્થન કર્યુ હોવાના સંકેત મળી રહ્યા છે. ત્રણ રાજ્યોમાં મતગણતરીની શરૂઆત થયા બાદ આજે ભાજપે તમામને ચોંકાવી દીધા હતા. એકબાજુ ત્રિપુરામાં ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો છે અને અહીં ૬૦ પૈકી ૫૯ સીટ માટે થયેલા મતદાનમાં૪૩ સીટો પર સપાટો બોલાવીને તમામને ચોંકાવી દીધા છે જયારે માણિક સરકારના નેતૃત્વમાં સીપીએમને માત્ર ૧૬ સીટોથી સંતોષ માનવાની ફરજ પડી છે. ત્રિપુરાના લાલ કિલ્લામાં ભાજપે ગાબડા પાડી દીધા છે. છેલ્લા ૨૫ વર્ષથી ચાલતા ડાબેરીઓના શાસનનો અહીં અંત આવી ગયો છે. પૂર્વોત્તરના આ રાજયમાં સત્તા મેળવી ભાજપે ઈતિહાસ સર્જ્યો છે. બીજી બાજુ નાગાલેન્ડમાં પણ ભારતીય જનતા પાર્ટીએ જોરદાર દેખાવ કરીને ૩૧ સીટ ઉપર જીત મેળવીને બહુમતિ આંકડો મેળવી લીધો છે. અહીં એનપીએફને ૨૫ સીટો મળી છે અને તે બીજા નંબરની પાર્ટી રહી છે. કોંગ્રેસ પાર્ટીની હાલત ત્રિપુરામાં ખુબ જ કફોડી બની છે. બીજી બાજુ મેઘાલયમાં ભારે સસ્પેન્સની સ્થિતિ રહી છે. મેઘાલયમાં કોંગ્રેસને ૨૧ અને એનપીપીને ૧૯ સીટો મળી છે અને ભારે સસ્પેન્સની સ્થિતિ છે. મેઘાલયમાં કોણ સરકાર બનાવશે



● અનુસંધાન પાન-૭ પર

## મેઘાયલમાં ત્રિશંકુ સ્થિતિ : કોંગ્રેસ સાવધાન

### મેઘાલયમાં કોઇપણ પાર્ટીને બહુમતિ ન મળી : ગોવા અને મણિપુરની ભુલમાંથી બોધપાઠ લઇને અહેમદ પટેલ અને કમલનાથ શિલોંગ પહોંચ્યા

શિલોંગ,તા. ૩

મેઘાલય વિધાનસભાની ચૂંટણીના પરિણામથી સ્પષ્ટ થઈ ગયું છે કે, અહીં કોઈને પણ બહુમતિ મળનાર નથી. ત્રિશંકુ વિધાનસભાની સ્થિતિ સર્જાઈ ગઈ છે. અહીં કોંગ્રેસ, ભાજપ અને એનપીપી વચ્ચે સીધી ટક્કર છે. રાજકીય કાવાદાવાની શરૂઆત થઈ ગઈ છે. કોંગ્રેસ પાર્ટી સૌથી મોટી પાર્ટી તરીકે ચોક્કસપણે ઉભરી છે પરંતુ તેની પાસે બહુમતિ માટેના આંકડા દેખાઈ રહ્યા નથી. બીજી બાજુ જુની ભુલોને ભુલી જઈને કોંગ્રેસે આ વખતે સાવધાની રાખવાની તૈયારી કરી છે. ગોવા અને મણિપુર વિધાનસભાની ચૂંટણી વેળા જે ભુલો કરી હતી તે ભુલો કરવા કોંગ્રેસ તૈયાર નથી.


● અનુસંધાન પાન-૭ પર

## નકારાત્મક તેમજ વિઘટનકારી નીતિને પ્રજાએ ફગાવી : નરેન્દ્ર મોદી

### ત્રિપુરા, નાગાલેન્ડમાં શાનદાર જીત બાદ મોદીએ મતદારોનો આભાર માન્યો : સપનાઓને અને અપેક્ષાઓને પૂર્ણ કરવા તમામ કામ કરાશે : મોદી

નવી દિલ્હી,તા. ૩

પૂર્વોત્તરના ત્રણ રાજ્યોમાં શાનદાર પરિણામ મળ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ લોકોનો આભાર માન્યો હતો. આજે બપોરે વડાપ્રધાને ટ્વીટ કરીને કહ્યું હતું કે, તેઓ મેઘાલય, નાગાલેન્ડ અને ત્રિપુરાની પ્રજાને ભાજપના ગુડ ગવર્નન્સ એજન્ડા અને એક્ટ ઈસ્ટ પોલિસીનું સમર્થન કરવા બદલ આભાર માને છે. ત્રિપુરાની જીત અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, આ કોઈ એક સામાન્ય ચૂંટણી જીત નથી. શૂન્યથી લઈને શિખર ઉપર પહોંચવાની યાત્રા સંગઠનની તાકાત અને કઠોર તથા નક્કર વિકાસના એજન્ડાની બાબત પુરવાર થાય છે. ત્રિપુરાના પરિણામનો ઐતિહાસિક ગણાવતા મોદીએ કહ્યું હતું કે, આ જીત ક્રૂર તાકાતો અને ડરની રાજનીતિ ઉપર લોકશાહીની જીત છે. આજે ડર ઉપર શાંતિ અને અહિંસાની જીત થઈ છે. ત્રિપુરામાં હવે ગુડ ગવર્નન્સ આપવામાં



● અનુસંધાન પાન-૭ પર

## લેફ્ટ ભારતના કોઈ ભાગ માટે રાઈટ નથી જ : શાહ

નવીદિલ્હી,તા. ૩

ભાજપ પ્રમુખ અમિત શાહે પણ આજે ભાજપની શાનદાર જીત અંગે પોતાની પ્રતિક્રિયા આપી હતી. ત્રણેય રાજ્યોમાં ભાજપના સારા દેખાવ અંગે વાત કરતા અમિત શાહે કહ્યું હતું કે, ભારતના કોઈપણ ભાગ માટે લેફ્ટ રાઈટ નથી. ચૂંટણી પરિણામો આવ્યા બાદ પત્રકાર પરિષદને સંબોધતા અમિત શાહે કહ્યું હતું કે, અમે સાબિત કરી દીધું છે કે, ભાજપ કોઈ અમુક વિસ્તારની પાર્ટી નથી. દેશભરમાં લોકો આ પાર્ટી અને તેમની કામગીરીને સ્વિકારી રહ્યા છે. ત્રિપુરામાં ૨૫ વર્ષથી ચાલી રહેલા ડાબેરી મોરચાના શાસનનો અંત આવી ગયો છે. ભાજપે સરળતાથી બહુમતિનો આંકડો મેળવી લીધો છે. ભાજપ નેતાએ કહ્યું હતું કે, ત્રિપુરામાં પ્રચંડ બહુમતિ તેમની પાર્ટીને મળી હોવા છતાં સાથી પક્ષોના સભ્યોને પુરતો ન્યાય આપવામાં આવશે. આઈપીએફપીના સભ્યોને કેબિનેટમાં સામેલ કરવામાં આવશે. શાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એક્ટ ઈસ્ટ પોલિસીનો ઉલ્લેખ કર્યો હતો. વર્ષ ૨૦૧૪માં મોદીએ દેશના પશ્ચિમી વિસ્તારોના વિકાસની વિસ્તારપૂર્વક વાત કરી હતી પરંતુ આ તમામ બાબતો પૂર્વીય ભાગોમાં પહોંચી

● અનુસંધાન પાન-૭ પર

**વજન ઘટાડો**

વજન ઘટાડવાના ખાસ નિષ્ણાંત વૈદ્યશ્રી નંદકુમારના માર્ગદર્શનમાં

જે ઘટ્યા પછી વધશે નહી તેની ૧૦૦% ગેરંટી

મેદસ્વીતા/ભારે પેટ એ અનેક રોગોનું પ્રવેશ દ્વારા છે. જો તેની સમયસર કાળજી લેવામા ન આવે તો ડાયાબીટીશ, હૃદયરોગ, કેન્સર, કિડની જેવા ભયંકર જીવલેણ રોગો થઈ શકે છે.

વિગતે માર્ગદર્શન માટે સંપર્ક કરો

મો. 84014 33718, 92654 39463

૧૦૫, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧, પ્રતિક મોલ સામે, દેનાબેંકની ઉપર, કુડાસણ, ગાંધીનગર

**પૂણ્ય સ્મરણ**



સત્તરમી પુણ્યતિથિએ
પૂજ્ય શારદાબાને
શત્ શત્ પ્રણામ

जातस्य ही ध्रुवो मृत्यु - ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥
(श्रीमद भगवद गीता - २-२७)

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે. તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.
(શ્રીમદ્ ભગવત્ ગીતા ૨-૨૭)

● કૃષ્ણકાન્ત - સ્મિતા ● ભાગ્યેશ - ઝરણા ● પ્રકાશ - વંદના
● જાગૃતિ - બિપીનકુમાર ● ચારૂ - દર્શનકુમાર
● ચિન્મય - વૈભવી
પ્રાર્થના - અનિષ ● લજ્જા - વત્સલ ● વિધી - યશ
શુભાંગ ● કૃપાંશી ● યશસ્વી

સ્વર્ગવાસ ફાગણ વદ-૩ સંવત ૨૦૫૭

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

**ડ્રાઈવર જોઈએ છે**
ગાંધીનગર સ્થિત કન્સ્ટ્રક્શન કંપની માટે લક્ઝુરીયસ કાર ચલાવવા ડ્રાઈવરની જરૂર છે
અનુભવ : ઓછામાં ઓછા ૧૦ વર્ષ કે તેથી વધુ
મળવાનો સમય : રવિવાર, સવારે ૧૦:૦૦ થી ૬:૦૦
કોન્ટેક્ટ નંબર : 99250 41331

Opening Today
GRAND OPENING
PLEASE JOIN US FOR OUR
SANKET ENGINEERING
SUNDAY, 4TH MARCH 2018
9 A.M. ONWORDS
AUTHORIZED DEALER OF VOLTAS A.C & WATER-COOLER.
All Types Of Air-Conditioner & Water-Cooler Supplier.
Maintenance, Reparing & Services Provider.
Fitting & Refitting Of Split A.C.
sanketengineering311@gmail.com
Office: S-12, 2ND Floor, Sarthak Mall, Sargaasan Cross Road, Kh-Road, Gandhinagar-382421.
SANKET POPAT 87350 66525, 90330 25283

bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
101, First Floor, Haveli Arcade, Sector-11, Gandhinagar. M. : 8871887150

BOOTCAMP
The Adventure Zone
Adventure awaits!
You are invited to the city's most happening, adventurous, thrill filled & heart pumping destination!
MARCH 04 2018
LOCATION: INFOCITY CLUB & RESORT, NR. INFOCITY MALL, GANDHINAGAR
TIMING: 5PM TO 7PM
RSVP: GAURAV GUPTA, HIRAL RATHOD, MUKESH MODI, VISHAL MODI
7096664222 | INFO@GOBOOTCAMP.IN | FB.COM/GOBOOTCAMP
WWW.GOBOOTCAMP.IN

ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬